## જન્મદિને વધામણી



રાવિ અશ્વિન પંડ્યા
(૬-૧૦-૨૦૧૩) મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



અવનિ દિપકકુમાર નિર્મલ
(૬-૧૦-૨૦૦૯) મો. ૯૪૨૮૪ ૧૭૧૦૫



જે સી શાહ
(૬-૧૦-૧૯૨૮) ફોન : ૨૩૨૨૩૬૯૧



'હવે ફિલ્મ નિર્માણને પણ ઘણા યુવાઓ કારકિર્દી તરીકે સ્વીકારી રહ્યા છે' એ મતલબની વાત ગાંધીનગર સમાચાર દ્વારા બે સપ્તાહ પહેલાં જ કરવામાં આવી હતી, જે ગાંધીનગરના સંદર્ભમાં પણ સાચી પડતી હોય એવા સમાચારો પ્રાપ્ત થઈ રહ્યા છે. પ્રસ્તુત તસવીર નગરના એક યુવા વિદ્યાર્થી કેયુર રાવ દ્વારા નિર્માણાધિન શૉર્ટ ફિલ્મની છે, જેને યસ ફાઉન્ડેશન માટે તૈયાર કરવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાં સ્કાય ગૃપ દ્વારા તા. ૩ ઑક્ટોબરના રોજ સરકારી પ્રાથમિક શાળાના પાંચ હજાર વિદ્યાર્થીઓની પ્રતિભા સ્પર્ધા યોજવામાં આવી એ આખાય ઘટનાક્રમ ઉપર આધારિત આ ફિલ્મનું દિગ્દર્શન કુંતલ નિમાવત કરી રહ્યા છે અને ઑડિયો-વિડીયો ઍડિટિંગની જવાબદારી જયેશ પંચોલીએ સંભાળી છે. પ્રસ્તુત તસવીર સોમવારે સૅક્ટર-૧૭ના ઉદ્યાન ખાતે ચાલુ શૂટીંગ દરમ્યાન લેવામાં આવી છે, જેમાં (ડાબેથી) કેયુર રાવ, કૅમેરામૅન રાજુભાઈ પટેલ, કુંતલ નિમાવત તથા નગરની યુવા અભિનેત્રી રિયા નિમાવત અને પૂજા શાહ દશ્યમાન થાય છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સરકારી માધ્યમિક શાળાના શિક્ષક છેલ્લા ત્રણ માસથી પગારથી વંચિત

## આર્થિક સંકડામણ અને માનસિક તાણનો ભોગ બનેલા આ શિક્ષકની રાવ સાંભળવામાં આવે, એમની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે એવી વિનંતી

ગાંધીનગર, તા. ૫

સરકારી માધ્યમિક શાળાના શિક્ષકને શિક્ષણ વિભાગ, રાજ્ય સરકાર તરફથી ત્રણ માસથી પગાર આપવામાં આવ્યો ન હોવાની રાવ એક અધ્યાપક દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આર ઍસ પટેલ નામના આ માધ્યમિક શિક્ષકે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ અડાલજ ખાતે શ્રીમતી માણેકબા વ્યાયામ વિદ્યાભવન ખાતે ૧૯૯૬થી ફરજ બજાવતા હતા. સંસ્થામાં તાલીમાર્થીઓની સંખ્યાના અભાવે શિક્ષણ વિભાગે તા. ૩૦-૬-૧૪ના ઠરાવથી વ્યાયામ સંસ્થાઓ બંધ કરવાનો નિર્ણય લીધો અને ૭-૭-૧૪ના ઠરાવથી ફાજલ થતા તમામ અધ્યાપકો, કર્મચારીઓને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેરના હવાલે મૂકવામાં આવ્યા.

૯-૭-૧૪ના રોજ આ અધિકારી દ્વારા ફાજલ કર્મચારીઓ, અધ્યાપકો માટે સ્થળ પસંદગી કૅમ્પ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો પરંતુ એમાં ફાજલના પરિપત્રનું ઉલ્લંઘન કરવામાં આવ્યું અને શિક્ષકોને સરકારી માધ્યમિક શાળાઓમાં ગમે તે જિલ્લામાં ગોઠવવાના હુકમો કરી દેવામાં આવ્યા. શિક્ષણ વિભાગના તા. ૨૭-૮-૨૦૦૩ના ઠરાવામાં કરવામાં આવેલી સ્પષ્ટતા પ્રમાણે ફાજલ કર્મચારીઓને સૌપ્રથમ પોતાની માતૃસંસ્થાના જિલ્લામાં સમાવવા પરંતુ આ ઠરાવનો અનાદર કરીને મનસ્વી રીતે નિર્ણય લઈને સરકારી શાળાઓમાં પીટી ટીચરનું મહેકમ ન હોવા છતાં પીટી ટીચર તરીકે મૂકવાનો હુકમ કર્યો આ કારણે પોતે અધ્યાપક હોવા છતાં સરકારી માધ્યમિક શાળા, ધારપીપળા, તા. રાણપુર, જિ. અમદાવાદ ખાતે પીટી ટીચર તરીકે મૂકાયા.

વિચિત્રતા એ છે કે એમની સાથેના શિક્ષક, પ્રિન્સિપાલને આ જ અધિકારી દ્વારા ગાંધીનગર જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. આમ, એક જ સંસ્થાના ૩ ફાજલ શિક્ષકો પૈકી બે કર્મચારીઓને જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર દ્વારા તેમની માતૃસંસ્થાના જિલ્લામાં નિમણૂંક અપાઈ પરંતુ ત્રીજા કર્મચારીને આ હક્ક આપવામાં ન આવ્યો ! એ સમયે અને એ પછી પણ આ અધ્યાપક દ્વારા અનેક કક્ષાએ મૌખિક, લેખિત રજૂઆતો કરવામાં આવી પરંતુ તેમની બદલી માતૃસંસ્થાના જિલ્લામાં કરવામાં આવી નથી.

કરુણતાની બાબત એ પણ છે કે ઑગષ્ટ, ૨૦૧૫થી આ શિક્ષકને એમનો પગાર પણ ચૂકવવામાં આવ્યો નથી. આ માટેય એમણે તમામ કક્ષાએ લેખિતમાં રજૂઆતો આપી છે, પણ એનું કોઈ પરિણામ એમને મળ્યું નથી.

સરકારી તંત્રની શરમ આવે એવી વિચિત્રતા એ પણ છે કે આ કર્મચારીનો પગાર કોણ કરશે ? કઈ કચેરી કરશે ? ક્યારે કરશે ? એ જ હજુ નક્કી નથી, ત્યાં પગાર કરવાની વાત તો બહુ દૂર દેખાઈ રહી છે.

આર્થિક સંકડામણ અને માનસિક તાણનો ભોગ બનેલા આ શિક્ષકની રાવ સાંભળવામાં આવે અને શિક્ષણ વિભાગ માટે આવી શરમભરી સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે એવી વિનંતી અધ્યાપક દ્વારા કરવામાં આવી છે.

## આજે અમદાવાદમાં ભજવાશે સંગીતમય નાટક 'તાનારીરી'

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ ટાગોર હૉલ ખાતે આજે સંગીતમય નાટક તાનારીરી ભજવાઈ રહ્યું છે.

રન્નાદે શાહ અને આર્જવ ત્રિવેદી લિખિત આ નાટકનું દિગ્દર્શન પણ આર્જવ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું છે. નિર્માણ નિયામકની ભૂમિકા ખ્યાતિ ત્રિવેદીએ ભજવી છે.

મંગળવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાગોર હૉલ, પાલડી ખાતે આ નાટકનું મંચન કરવામાં આવશે.



ગાંધીનગર શહેરનાં રહેવાસી ત્રણ ગરવાં કલાકારો - હરેશ રાઠોડ, જયરાજસિંહ સરવૈયા અને આશાબેન સરવૈયાએ મહારાજા કૃષ્ણસિંહજી ભાવનગર યુનિવર્સિટીના યુથ ફૅસ્ટીવલ અંતર્ગત લોક નૃત્યોની સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કામગીરી બજાવી હતી. આ સ્પર્ધામાં ૧૪ કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ...લોકો એકબીજાને વધુ સારી રીતે સમજે એ માટે સંસ્કૃતિ ભાગ ભજવે છે

## 'બાંગ્લાદેશ અને ભારતના સંબંધો કાયમી રહે' એવી કામના બાંગ્લાદેશના ચીફ જસ્ટિસ દ્વારા ગાંધીનગર ખાતે વ્યક્ત કરાઈ

ગાંધીનગર, તા. ૪

'બાંગ્લાદેશ અને ભારતના સંબંધો કાયમી રહે' એવી કામના બાંગ્લાદેશના ચીફ જસ્ટિસ દ્વારા આજે ગાંધીનગર ખાતે વ્યક્ત કરવામાં આવી હતી.

બાંગ્લાદેશના ચીફ જસ્ટિસ સુરેન્દ્ર કુમાર સિંહા આજે ગુજરાત લૉ યુનિવર્સિટીની સત્તાવાર મુલાકાતે હતા. અહીં 'કાયદા અને લોકશાહી શાસનને મજબૂત બનાવવામાં બાંગ્લાદેશની ન્યાયપ્રણાલિનું યોગદાન' વિષયે વિદ્યાર્થીઓ, આમંત્રિતોને સંબોધન કરતાં તેમણે બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બને અને કાયમી રહે એવી કામના વ્યક્ત કરી હતી.

બાંગ્લાદેશને આઝાદી મળી ત્યારથી જ તેનો સંબંધ ભારત સાથે છે એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો વચ્ચે અભિન્ન સાંસ્કૃતિક સંબંધ છે. વળી, બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વેળા ઘણા ભારતીય સૈનિકોએ પણ જાન ગુમાવ્યા છે, જેના કારણે બંને દેશો વચ્ચે સંબંધ છે.

પોતાના દેશને આઝાદી ૩ મિલિયન શહીદોના ભોગે મળી છે એ બાબતનો સંવેદનશીલ ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા શેખ મુજીબુર રહેમાન અને ભારતનાં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના પ્રયાસોથી બંને દેશોના સંબંધો વધુ મજબૂત થયા હતા.

ભારત વસતીની દષ્ટિએ દુનિયામાં બીજા ક્રમનો દેશ છે તો બાંગ્લાદેશ આઠમા ક્રમનો દેશ છે. આજે બાંગ્લાદેશની વસતી ૧૬૦ મિલિયન જેટલી છે એમ જણાવતાં એમણે ઉમેર્યું હતું કે વસતીનો ૬૦ ટકા હિસ્સો ખેતી ઉપર નિર્ભર છે.

આતંકવાદ સામે લડવા અને ટકાઉ વિકાસ માટે ભારત-બાંગ્લાદેશે સાથે મળીને કાર્ય કરવું પડશે, એમ જણાવતાં ચીફ જસ્ટિસે પોતાના દેશની ન્યાયપ્રણાલિ, ન્યાય વ્યવસ્થા, જ્યુડિશિયલ રિફોર્મ કાર્યક્રમ, કોર્ટ વ્યવસ્થાપન વિકાસ અને કેસ સંચાલન સિસ્ટમ, ન્યાયપ્રણાલિમાં ડિજિટલાઈઝેશન, ન્યાયપ્રક્રિયા સામેના પડકારો અને ઉપાયો, પર્યાવરણ સંરક્ષણ માટે સુપ્રિમ કૉર્ટનો દષ્ટિકોણ, સ્ત્રીઓ સામે હિંસા અને આતંકવાદ સામે ન્યાયપ્રણાલિના પ્રયાસો જેવા મુદ્દાઓ અંગે વિગતે વાત કરી હતી. આ દરમ્યાન એમણે જણાવ્યું હતું કે બાંગ્લાદેશની વિવિધ કૉર્ટમાં આજે ૩ મિલિયન જેટલા કેસ પૅન્ડિંગ છે. અલબત્ત, લોકોનો ન્યાયપ્રણાલિ ઉપર વિશ્વાસ ટકી રહે એ માટે બાંગ્લાદેશના પ્રયાસોને કારણે જ ન્યાયપ્રણાલિમાં વિશ્વાસ હોય એવા દેશોની યાદીમાં બાંગ્લાદેશનું નામ બીજા ક્રમે હોવાનું એમણે જણાવ્યું હતું.

આ અંગે ગેલપના ૨૦૧૪ના સર્વેને ટાંકીને એમણે જણાવ્યું હતું કે દુનિયાભરમાં પોતાની ન્યાયપ્રણાલિમાં સૌથી વધુ વિશ્વાસ હોય એવા પ્રદેશમાં એશિયાનું નામ મોખરે હતું. એશિયામાં આ ટકાવારી ૬૫ ટકા જેટલી હતી, જે લેટિન અમેરિકામાં ૩૫ ટકા અને તત્કાલિન સોવિયત યુનિયનમાં ૨૮ ટકા જેટલો જ હતો.

એશિયામાં ભુતાનના લોકોને સૌથી વધુ - ૯૫ ટકા વિશ્વાસ ન્યાયપ્રણાલિમાં હતો, એ પછી બાંગ્લાદેશનું નામ હતું, જ્યાં ૭૫ ટકા લોકોને ન્યાયપ્રણાલિમાં વિશ્વાસ હતો. એ પછીનો ક્રમ ભારતનો હતો, જ્યાં ૭૧ ટકા લોકોને પોતાની ન્યાયપ્રણાલિમાં વિશ્વાસ હતો.

પોતાનાં વિગતવાર પ્રવચનને અંતે વિદ્યાર્થીઓને શીખ અને શ્રોતાઓને સંદેશ આપતાં એમણે જણાવ્યું હતું કે, 'લોકો એકબીજાને વધુ સારી રીતે સમજી શકે એ માટે સંસ્કૃતિ ભાગ ભજવે છે અને લોકો જો એકબીજાને અંતરથી ઓળખી લે તો પછી તેઓ આર્થિક અને રાજકીય અવરોધોને પાર કરી શકે છે. પરંતુ પહેલાં વ્યક્તિ માટે અગત્યનું એ છે કે તે પોતાના પાડોશીને ઓળખે, એ જેવો છે તેવો એને જાણે, એની સમસ્યાઓ અને પ્રશ્નોને પોતાની સમસ્યાઓ, પ્રશ્નોની જેમ સમજે અને પછી નિવારણ માટે કાર્ય કરે.'

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫, ૪.૨૦, ૭.૨૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫

**સ્ક્રીન-૪**
સિંઘ ઈઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ધ માર્ટીયન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (૩ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

# હંસી કે હંગામે... હિન્દી હાસ્ય કવિઓનું 'હાસ્ય-વ્યંગ'નું હુલ્લડ

## તુ ક્યા સમજી નેહ ચાહિયે - અરે, સબકો તેરી દેહ ચાહિયે : જલેબી સ્ત્રીલિંગ હૈ, ક્યુંકી વહ તૂટ સકતી હૈ, પર સીધી નહીં હો સકતી

હિન્દી હાસ્ય કવિ સંમેલનનું નામ પડે અને દિલ્હી, યુપી, હરિયાણાના હુલ્લડ મચાવતાં હાસ્ય કવિઓ યાદ આવવા લાગે... આજે ગાંધીનગરને આંગણે એની ટાઈમ મસ્તી દ્વારા 'હસી કા મસ્તીભરા હંગામા' કાર્યક્રમમાં પ્રસિધ્ધ કવિઓ અરૂન જેમિની, ચિરાગ જૈન, પૂનમ વર્મા, રમેશ મુસ્કાન અને પવન દિક્ષિતે હાસ્યનો દરબાર જમાવ્યો હતો... હિન્દી હાસ્ય કવિઓ અને એમનાં વ્યંગ, રજૂઆતની સ્ટાઈલ અને પ્રેક્ષકોની ખડખડાટ હાસ્ય સાથેની દાદ સાથે કાર્યક્રમ જામી ગયો...

એટીએમ સંસ્થાએ એમના સભ્યોને આપેલા પ્રોમિસ પ્રમાણે એમના પૈકીના પાંચ જણને પ્રથમ એમની હાસ્ય રચનાઓ રજૂ કરવાની તક આપી. કુંપલ દવેએ કાર્યક્રમ વખતે કરેલા ફૉન કૉલ્સની રમૂજી વાત કરી જ્યારે કવિ ડૉ. ધૈવત શુક્લએ છગન અને દિપડાનાં જૉક્સથી હાસ્યનું મોજું ફેરવ્યું... ડૉ. નીતિન અંજાને પાણીની સમસ્યા અને હિન્દી કવિતા 'રંગે હાથ નહાતે પકડા જાયેગા' રજૂ કરીને ભરપૂર દાદ મેળવી હતી.

અન્ય સભ્ય ડૉ. રાકેશ ભટ્ટે ૭૦ કિલોની મારી સાસુની ચિંગારી અને દીકરી મારી તો છે ગાય સાથે સૌને રાજીના રેડ કરી દીધાં અને પછી તક મળી આ કૉલમ લખનાર સંજય થોરાતને, જેમણે રજૂ કરી ગણપતિની કવિતા 'ભક્તોએ ભારે કરી', 'ધોળો વાળ' અને 'પત્નીની ગઝલ'. ત્રણેય રચનાઓને પ્રેક્ષકોએ જલદી માઈક છોડવા બદલ તાળીઓથી વધાવી લીધા...

અને પ્રેક્ષકોની ઈંતેજારીનો અંત એવી હંસી-ખુશીની મહેફિલ શરૂ થઈ પૂમન વર્માની ભક્તિ રચનાથી 'હમેં ઐસા વર દે, જો અજ્ઞાનતા સે હમે તાર દે...' અને પ્રતમ કવિ રમેશ મુસ્કાન આવ્યા જે દેખાવમાં બટાકાની બોરી જેવાં અને ઉપર સૂતળીની મૂછો ફીટ કરી એવા લાગતા હતા, આગ્રાના વતની. આગ્રા તાજમહલ, પેઠા અને ગાંડાની હૉસ્પિટલ માટે પ્રખ્યાત...

એમણે શેર માર્કેટમાં કામ કરતાં માણસની કવિતા સાથે શરૂઆત કરી. 'બેવકૂફ થા શાહજહાં જો કરોડો ખર્ચ કિયે તાજમહલ પે, હજારો મુમતાઝ મિલ જાતી ઉસ રૂપિયોં કે વ્યાજ મેં... અખિયાં લડ ગઈ ઔર એક પલ્લે પડ ગઈ... બચ્ચે ભારત કા ભવિષ્ય હૈ લેકિન અગર યહ ઈસ તરહ મસ્તી કરતે રહે તો કવિઓં કા વર્તમાન બિગાડ કે રખ દેંગે...'

શામે અમિતાભમાં જેમને અમિતાભે આમંત્રિત કર્યા હતા એવા ઉત્તર પ્રદેશના ધનકૌર ગામના વતની ઉપરથી તો સીધાસાદા અને અંદરથી નરેન્દ્ર મોદી એવા પવન દિક્ષિતે 'મંચ કો પ્રણામ કરતા હું' સાથે જ 'આપકી તાલીઓં સે હૌસલા બઢતા હૈ લેકિન હમકો ધ્યાન સે સુના જાયે' સાથે જ જમાવટ કરી દીધી... 'મેરે એબ કો ભી બતાયેં હજાર, મેરે યાર તુ ખતરનાક હૈ... બુરે લોગ દુનિયા કા ખતરા નહીં, શરીફોં કી ચૂપકી ખતરનાક હૈ...'

એલાન ઉસકા દેખીયે કે વોહ મજેમેં હૈ, યા તો કોઈ ફકીર હૈ, યા ફિર નશે મેં હૈ.. મેરી પરછાઈ તકને મુજે સાફ સાફ કહા, મૈં તેરા સાથ તો દૂંગી મગર ઉજાલોં મેં... શહર મેં દર્દ અકેલે કા ગાંવ મેં સબકા. યહી ફર્ક હૈ શહરવાલોં, ગાંવવાલોં મેં... મુશ્કિલ મેં સાથ દે યહ આંસ તો નહી, મા રોજ જેબ દેખતી હૈ બેરોજગાર કી, બેટે કી જેબ મેં કહી સલ્ફાજ તો નહીં...

'જબ ભી સોચું ઉસસે પ્યાર કા ઈજહાર કરું, બસ ઉસકે બાપકા જૂતા દીખાઈ દેતા હૈ...' વેલેન્ટાઈન ડેને પ્રેમ ચૌદશ નામ સાથે એક કાવ્ય રજૂ કર્યું. 'ઉસને દેખા યું પલટકે, હાથ પકડા બાત કી ઔર હસ પડી, ઈક દમમેં તીન ઝટકે હાયે હાયે...' પવન દિક્ષિતનો અનન્ય ચાહક જીતુ પટેલ ગાંધીનગરનો છે અને એમણે આ કવિના દરેક ઑડિયો-વિડીયોનો સંગ્રહ કરેલો છે, જેને એમણે સ્ટેજ પરથી પ્રેમથી નવાજ્યાં હતાં... આ કવિએ પૈસા વસૂલ કરાવ્યાં...




આ કાર્યક્રમની કવિયત્રી પૂનમ વર્મા એનાં મધુરાં સ્વરોમાં રજૂઆત કરી. 'ગઝલ ગીતો કી ગંગા સે ચુરા કર રંગ લાયે હૈ, સમય કી દોડ સે હમને કુછ પલ ચુરાયે હૈ... પ્યાર મેં લોક જાને ક્યા સમજતે હૈ, હમ તો બસ ઉસકો રૂહ કી દવા સમજતે હૈ... હમને પર્વતભી તપીશસે પીઘલતેં દેખે હૈ, હમને રાતોં કો ભી સૂરજ નીકલતે દેખે હૈ, મૈં પૂનમ હું જીસે સાગર ભી પ્યાર કરતે હૈ, જાનતેં હૈ કી આંખે બોલ દેતી હૈ, ઈસ લીએ વોહ નજર જુકાકર બાતેં કરતેં હૈ... પૂમન શર્માએ રજૂઆત સરસ કરી પમ એમાં હાસ્ય કવિતા કોને કહેવી એવો પ્રશ્ન સતાવતો રહ્યો.

આ હાસ્ય મહેફિલના સૂત્રધાર એવા ચિરાગ જૈન પછી મેદાનમાં આવ્યા... એમણે એટીએમના પ્રમુખ સેમ્યુલના ભારે શરીર રમૂજી પ્રહાર કરીને પ્રેક્ષકોને હસાવી દાધાં... એમણે હલકા ફૂલકા જૉક્સથી મહેફિલ જમાવી... પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો અને પતિ તો ભૂલી ગયો અને સાંજે ફોન કર્યો તો પત્નીને કહ્યું, ડાર્લિંગ આજ ખાને મેં ક્યા બના રહી હો, તો એ બોલી ઝહર, પતિ બોલ્યો, 'અચ્છા તો ખાકે સો જાના, મુજે ઓફિસમે લેટ હો જાયેગા...' સ્ત્રીઓ હંમેશા ઈર્ષાળુ હોય એ સ્વર્ગમાં પહોંચીને પણ વાતો કરે, જોઈ પેલી અપ્સરાને કોઈ ડ્રેસિંગ સેન્સ જ નથી અને પુરૂષો નર્કમાં જઈને પણ બોલે જો દોસ્ત યમ છોકરી એકદમ મસ્ત છે !

ચિરાગ જૈનની સ્ટાઈલથી સાંભળેલા જૉક્સ પણ હાસ્ય ઉપજાવતા હતા. એમણે મા વિશે રજૂ કરેલી કવિતા એ એમનું સજ્જડ પાસું બની રહી. એની છેલ્લી પંક્તિ 'કોઈ ભી મા અનપઢ નહીં હોતી, સયાની હોતી હૈ, પહોત સારી ડિગ્રી બટોરને કે બાદ બેટી માસે ગૃહસ્તી કૈસા ચલાની સીખતી હૈ... આમની સ્ટાઈલ પ્રખ્યાત કવિ કુમાર વિશ્વાસ સાથે એકદમ કૉપી રાઈટ જેવી આવતી હતી...

હરિયાણાના હાસ્ય-વ્યંગ બાદશાહ એટલે અરૂન જેમિનિ, એમણે આવતાંવેંત જ હરિયાણવી લહેકામાં ધમાકેદાર શરૂઆત કરી દીધી. નરેન્દ્ર મોદીના શૌચાલય અને ન ખાઉંગા, ન ખાને દૂંગા ની વાત હોય કે રાહુલ ગાંધીની મમ્મીને સો રૂપિયા પાછા આપી ખેડૂતોએ કીધેલી કી મેડલ ફસલ તો આપકી ભી નષ્ટ હુઈ હૈ જેવી સાંભળેલી જોક પર પણ હસાવતાં રહ્યાં...

કાવ્ય સંમેનલ હરિયાણાથી શરૂ થયું, કૃષ્ણએ કુરુક્ષેત્રમાં ગીતાના અઢાર અધ્યાય સંભળાવ્યા અને અર્જુનને કહ્યું કે લડે છે કે પછી ૧૯મો ચાલુ કરું... લોકોને શ્વાસોમાં રવાડે ચઢાવનાર રામદેવ, લોકોના શ્વાસ થંભાવનારી મલ્લિકા અને મફલર બ્રાન્ડ કેજરીવાલ બધાં હરિયાણાનાં છે... પત્ની ને કહ્યું, એક ગ્લાસ પાની દેના', પત્ની, 'પ્યાસ લગી હૈ', નહી મેરા ગલા લીક નહી હો રહાં વો ચેક કરના હૈ... જેવી વાતોથી લોકોને સતત હસતાં રાખ્યાં...

અરૂણ જેમિનિએ પબ્લીક ડિમાન્ડ પર ૨૧મી સદીમેં ઢૂંઢતે રહ જાઓગે કવિતા રજૂ કરી જે પ્રેક્ષકો ભરપૂર વધાવી લીધી... હસી કા મસ્તી ભરા હંગામા એટલે હાસ્યનો ડાયરો બની રહ્યો, આમાં મજાની વાત એ રહી કે એટીએમના સભ્યોએ સંપૂર્ણ હાસ્ય-વ્યંગ કવિતાઓ રજૂ કરી જ્યારે કલાકારોએ વ્યંગની વચ્ચે કવિતા રજૂ કરી... હિન્દી હાસ્ય સંમેલન લોકોને મોજ કરાવી ગયું... કાર્યક્રમમાં સટાયર અને પંચ લાઈનો, કલાકારોની રજૂઆત આકર્ષક રહી... આ સંદર્ભે એક ગીત યાદ આવી ગયું, હંસતે હંસતે કટ જાયે રસ્તે, જીંદગી યું હી ચલતી રહે !



## સ્ત્રીઓ કાજે સ્ત્રીઓનું સેવાકાર્ય



સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ મહિલા પાંખની બહેનો દ્વારા આદિવાડા ખાતે ગર્ભવતી મહિલાઓને સ્ટીલના ડબ્બા અને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મહિલા પાંખ દ્વારા દર સોમવારે આવી સેવાપ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## અંબાજીની ગરબા ટીમ રાષ્ટ્રીયકક્ષાએ પાંચમા ક્રમે વિજયી



રાજ્યના સૌથી મોટા યાત્રાધામ અંબાજીના જય અંબે ગરબા ગૃપે હૈદરાબાદ ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની ગરબા સ્પર્ધામાં પાંચમો ક્રમાંક મેળવી રાજ્યનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલી ૨૧ જેટલી ટીમોએ ભાગ લીધો હતો, જે પૈકી અંબાજીની ટીમે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ટીમે પોતાની તૈયારીઓ ફેસ ડાન્સ સ્ટુડિયોમાં કરી હતી, જેમાં ૪૦ વર્ષની વય ધરાવતી નવ મહિલાઓએ ભાગ લીધો હતો. સ્ટુડિયોના સંચાલક સાઉદ અહમદ તથા ટીમ લીડર દર્શના સોમપુરાએ તેમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. (તસવીર : મહેન્દ્ર અગ્રવાલ, અંબાજી)